અપીલ અરજી નં.૪૯૦,૫૫૩ તા.૧૯–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી કે.એ.ઘીવાળા
સામાવાળા:– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.એ.ઘીવાળાની તા. ૧૭–૧૧–૧૧ની અરજીથી વોર્ડનં.૧૨/૧૩૫૨ પૈકીની અને વોર્ડનં.૧૧/૨૪૦૫ની નીચે મુજબની માહિતી આરટીઆઈ હેઠળ મેળવવા બાબતે મુદ્દા નં.(૧) વોર્ડ નં.૧૧/૨૪૦૫માં આવેલ કબ્રસ્તાનની રેકર્ડ ઉપરની ઉપલબ્ધ હાલની માહિતી(હકીકતલક્ષી માહિતી) આરટીઆઈ હેઠળ ઉપલબ્ધ કરાવવી (૨) વોર્ડ નં. ૧૨/ ૧૩૫૨ પૈકીમાં તા. ૨૭–૩–૦૮ના પ્રતિ કાર્યપાલક ઈજનેર સાહેબશ્રીને સંબોધીને ભાડુત સૈયદ સબીયા સૈયદ અબ્બાસ ધ્વારા રીપેરીંગ કરવાની રજા માંગતી કરેલ અરજીમાં સાથે રજૂ કરેલ સ્ટ્રકચર સ્ટેબીલીટી રીપોર્ટ તા. ૨૧–૩–૦૮ના હયાત સ્ટ્રકચરના ફોટા ઉપર દર્શાવેલ ટેના. નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧(12A-15-0981-0-001) નંબર જે રીપોર્ટ ઉપર ૧૨/૧૩૫૨ પણ દર્શાવેલ છે રીપેરીંગ થયો છે ? વિ. મુદ્દા નં.(૧) થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૯૦,૫૫૩/૨૦૧૧–૧૨

શ્રી કે.એ.ઘીવાળાની તા. ૧૭–૧૧–૧૧ની અરજીથી વોર્ડ નં. ૧૨/ ૧૩૫૨ પૈકીની અને વોર્ડનં.૧૧/૨૪૦૫ની નીચે મુજબની માહિતી આરટીઆઈ હેઠળ મેળવવા બાબતે મુદ્દા નં.(૧) વોર્ડ નં.૧૧/૨૪૦૫માં આવેલ કબ્રસ્તાનની રેકર્ડ ઉપરની ઉપલબ્ધ હાલની માહિતી(હકીકતલક્ષી માહિતી) આરટીઆઈ હેઠળ ઉપલબ્ધ કરાવવી (૨) વોર્ડ નં. ૧૨/૧૩૫૨ પૈકીમાં તા. ૨૭–૩–૦૮ના પ્રતિ કાર્યપાલક ઈજનેર સાહેબશ્રીને સંબોધીને ભાડુત સૈયદ સબીયા સૈયદ અબ્બાસ ધ્વારા રીપેરીંગ કરવાની રજા માંગતી કરેલ અરજીમાં સાથે રજૂ કરેલ સ્ટ્રકચર સ્ટેબીલીટી રીપોર્ટ તા. ૨૧–૩–૦૮ના હયાત સ્ટ્રકચરના ફોટા ઉપર દર્શાવેલ ટેના. નં. ૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧(12A-15-0981-0-001) નંબર જે રીપોર્ટ ઉપર ૧૨/૧૩૫૨ પણ દર્શાવેલ છે રીપેરીંગ થયો છે ? વિ. મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. તથા તા.૧૭–૧૧–૧૧ ની અરજીથી ત્યાર બાદ અરજદારે તા.૬–૧–૧૨ થી વિલંબથી મળેલ જવાબ સંતોષકારક ન હોય તા.૧૧–૧–૧૨ થી પુનઃ અપીલ કરેલ. જે અપીલ નં.૫૫૩/૧૧–૧૨ થી નોંધાયેલ છે. આમ અરજદારની બે વખત કરેલ અપીલ એક જ અરજી બાબતની હોઈ જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૩૭ તા.૨–૧–૧૨ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ પણ કોઈ નારાજગી હોય તો આધાર સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે મળેલી માહિતીના સંદર્ભે વિલંબથી મળેલ માહિતી સંતોષકારક નહીં હોવાનું જણાવી તા.૧૧–૧–૧૨ ના રોજ ફરી અપીલ અરજી કરેલ. ત્યાર બાદ પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૫૪ તા.૨૦–૧–૧૨ થી અરજદારની તા.૧૧–૧–૧૨ ની પુનઃ અપીલ સંદર્ભે પૂરક વિગતો બંને પક્ષકારો પાસેથી અત્રેના પત્ર નં.૧૫૫૪ તા.૨૦–૧–૧૨ થી માંગવામાં આવેલ. જે અંગે કોઈ પણ પક્ષકારે તે અપીલ સંદર્ભે પૂરક વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૭–૧૧–૧૧ ની અરજીથી વોર્ડ નં. ૧૨/ ૧૩૫૨ પૈકીની અને વોર્ડનં.૧૧/૨૪૦૫ની આકારણી બાબતેની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારને નિયત સમય અવધિમાં કોઈ માહિતી ન મળતાં તા.૧૯–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૨૭ તા.૬–૧–૧૨ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૬ ની સમય અવધિ બાદ માહિતી પૂરી પાડવામાં આવેલ. માહિતી પૂરી પાડયા બાદ અરજદારને મળેલ માહિતીથી વિલંબ અને અસંતોષકારક હોવાનું જણાવી તા.૧૧–૧–૧૨ ના રોજ પુનઃ અપીલ અરજી કરેલ. જેની સાથે જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તરની નકલ બીડેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) વોર્ડ નં.૧૧/૨૪૦૫માં આવેલ કબ્રસ્તાનની રેકર્ડ ઉપરની ઉપલબ્ધ હાલની માહિતી(હકીકતલક્ષી માહિતી) આરટીઆઈ હેઠળ ઉપલબ્ધ કરાવવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડનં.૧૧ નોંધ નં.૨૪૦૫ વાળી મિલ્કતમાં ટેના નં.૧૧બી–૧૩–૦૬૨૧–૦–૦૦૧,૦૦૨ છે પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે મ્યુ. દફતરે મોગલ કબ્રસ્તાન ટ્રસ્ટી આગાશેર અલીફ ઈજાલીનું નામ દાખલ છે ૦૦૧ પર કબ્જેદાર તરીકે વસવાટ દાખલ છે પુરાવામાં પાર્ટી સ્ટેટસની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. (૨) વોર્ડ નં. ૧૨/૧૩૫૨ પૈકીમાં તા. ૨૭–૩–૦૮ના પ્રતિ કાર્યપાલક ઈજનેર સાહેબશ્રીને સંબોધીને ભાડુત સૈયદ સબીયા સૈયદ અબ્બાસ ધ્વારા રીપેરીંગ કરવાની રજા માંગતી કરેલ અરજીમાં સાથે રજૂ કરેલ સ્ટ્રકચર સ્ટેબીલીટી રીપોર્ટ તા. ૨૧–૩–૦૮ના હયાત સ્ટ્રકચરના ફોટા ઉપર દર્શાવેલ ટેના. નં. ૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧(12A-15-0981-0-001) નંબર જે રીપોર્ટ ઉપર ૧૨/૧૩૫૨ પણ દર્શાવેલ છે રીપેરીંગ થયો છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) આપે મોકલાવેલ સા.સ.ના ઠરાવ નં.૨૩ ૧૯–૪–૭૯ થી મંજુર થયેલ નિતી નિયમો અનુસાર પત્રકમાં જણાવેલ ૧ થી ૧૭ કામો કરવા માટે કમિ.શ્રીને કામ કરતાં અગાઉ જાણ કરી તેની પહોચ લેવાની રહેશે તે નિતી નિયમ મુજબ ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ જે સ્ટ્રેકચર સ્ટેબીલીટી નંબર ઉપર રીપેરીંગ થનારો ટેનામેન્ટ દર્શાવ્યો છે તેની જાણ રીપેરીંગની કરી પહોંચ ભાડુઆતે મેળવેલ છે? કે આપે ભાડુઆતને આપેલ છે? કઈ તારીખે પહોંચ આપેલ છે અને કયો રસીદ નંબર આપી પહોંચ આપેલ છે જાણકારી આરટીઆઈ હેઠળ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દાનં.(૪)તા.૨૭–૩–૦૮ ના રોજ ૧૧/૧૩૫૨ ના ભાડુત સૈયદ સબીયા અબ્બાસ ધ્વારા રીપેરીંગ કરવા મંજુરી માંગતી અરજી આપના ખાતાને કરેલ હતી તેના રીપેરીંગ થનારા ટેનામેન્ટના પુરાવા રૂપે ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ નંબરના ટેનામેન્ટ નંબરનું ભરેલ વેરાબીલની રસીદ નં.૦૧૮૮૬૬૧ તા.૩૧–૧૨–૦૭ નું રજૂ કરેલ ટેના નં. રીપેરીંગ થયો છે કે સ્ટ્રકચર સ્ટેબીલીટી ઉપર દર્શાવેલ ટેના નં.૧૨એ–૧૫–૦૯૮૧–૦–૦૦૧ રીપેરીંગ થયો છે? તેની જાણકારી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સર્વેયરશ્રીના સ્થળ તપાસતા રીપોર્ટ મુજબ ભાડુત કમી થતા તે જગ્યા માલિકના કબ્જા હેઠળના ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ માં મર્જ કરી દેવામાં આવેલ અને સદર કાચા બાંધકામને રીપેર કરી ગર્ડર ચેનલવાળુ ભોંયતળીયાનું બાંધકામ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) વોર્ડ નં.૧૨/૧૩૫૨ પૈકીમાં આવેલ ટેના નં.૧૨એ–૧૫–૯૦૩૧–૦–૦૧૬ ના ભાડુત હુરયુઝીખાન હકીમ આગા કેટલા વર્ષોથી ૧૨/૧ ૩૫૨ પૈકીમાં ભાડુત કબ્જેદાર વસવાટકર્તા, તરીકે છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ મ્યુ. દફતર વર્ષ ૧૯૮૮–૮૯ ની કટબુક જોતાં વોર્ડ નં.૧૨ નોંધ નં.૧૩૫૨ ટેના નં.૧૨એ–૧૫–૯૩૧–૦–૦૧૬ પર ભાડુત તરીકે હુરમુઝીખાન હકીમ આગાનું નામ દાખલ છે તેમજ વર્ષ ૨૦૦૯–૧૦ નું એસેસમેન્ટ જોતાં એમાં પણ એ જ નામ દાખલ છે ઉપરોકત કટબુક એસેસમેન્ટની નકલો આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૦ અને ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૧ તા.૧–૪–૦૭ થી બંને ટેના નંબરમાં નવા દાખલ ઈડીટી /૧૭૪ તા.૨૭–૮–૦૭ મુજબ ભાડુત અનુક્રમે સૈયદ મોહંમદ અબ્બાસ અને સબીયા સૈયદ અબ્બાસ છે પરંતુ આ બંને ટેનામેન્ટો ૫૦ થી ૫૧ વર્ષ પહેલા બનેલા છે તો આ બંને ટેનામેન્ટો ૧–૪–૦૭ થી દાખલ થયા પહેલાના બંનેના જુના ટેનામેન્ટ નંબરો અને જુના કબ્જેદાર વસવાટ કર્તાના નામો જણાવશો. અને ૧–૪–૦૭ પહેલાના કબ્જેદાર વપરાશ વસવાટકર્તા કેટલા વર્ષથી વપરાશ વસવાટ કરતાં કબ્જેદાર હતાં? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એફ.ડી.ટી નં.૭૦ તા.૪–૧–૦૭ થી વોર્ડ નં.૧૨ નોંધ નં.૧૩૫૨ વાળી મિલ્કતમાં ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧,૦૧૪,૦૨૦,૦૨૨ વાળા ભાડુત અનુક્રમે સરદારખાં કાસમખાં ઝી ની મંગુ બાબુભાઈ હુસેનભાઈ અને પ્રસાદ ગુપ્તા ખાલી કરી જતાં સદર ભાગોનો કબ્જો માલિકમાં એટલે કે ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ પર તો૧–૧૨–૦૬ થી દાખલ કરવામાં આવેલ. ત્યાર બાદ એફ.ડી.ટી નં.૧૭૪ તા.૨૭–૮–૦૭ થી માલિકના કબ્જા હેઠળના ભાગમાં નવા ભાડુત સૈયદ મોહંમદ અબ્બાસ ટેના નં.૧૨એ–૧૫ –૦૯૩૧–૦–૦૩૦ પર અને નવા ભાડુત સબીયા સૈયદ અબ્બાસને ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૧ પર તા.૧–૪–૦૭ થી દાખલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.

આમ અરજદારે માહિતી મળ્યા બાદ વિલંબથી માહિતી મળેલ અને જવાબ સંતોષકારક ન હોવાનું જણાવી તા.૧૧ –૧–૧૨ ના રોજ માહિતી મળ્યા બાદ નારાજગી અંગે અપીલ કરેલ છે. જેમાં અરજદારે અપીલના મુદ્દા નં.૧ અને ૩ માં ટેના ન.૧૨એ–૧૫–૦૮૧–૦–૦૦૧ રીપેરીંગ કરવામાં આવેલ છે કે કેમ? તેવા પ્રશ્નનો જવાબ કરેલ નથી તેમજ પ્રોએકટીવ ડીસ્કલોઝર હેઠળની માહિતીની રજૂઆત કરેલ છે. પ્રોએકટીવ ડીસ્કલોઝર હેઠળ સામાન્ય રીતે

ઘડવામાં આવતા નીતી નિયમો ગાઈડ લાઈન ઠરાવ જે સર્વ સામાન્ય રીતે લાગુ પડતું હોય તેવી વિગતોનો સમાવેશ થતો હોય છે. વધુમાં અરજદારે તા.૨૪–૧–૧૨ ની પૂરક વિગતોમાં પણ મુદ્દા નં.૪ માં રીપેરીંગ કરવામાં આવેલ છે કે કેમ? તેવા પ્રશ્નની રજૂઆત કરવામાં આવેલ છે. જે અંગે સર્વેયરના સ્થળ તપાસ રીપોર્ટમાં ટેના નં.૧૨એ–૧૫–૦૮૧–૦–૦૦૧ રીપેર થયો છે કે નહી? તેવા પ્રશ્ન બાબતે સદર ટેનામેન્ટ મર્જ કરી દેવામાં આવેલ અને સદર કાચા બાંધકામને રીપેર કરી ગર્ડર ચેનલવાળુ ભોંયતળીયાનું બાંધકામ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૨ માં રીપેરીંગ કરવાની અરજીની પહોંચ બાબતેની મુળ અરજીના મુદ્દા નં.૩ થી રજૂઆતની વિગતો દફતરે ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૪ માં તા.૧૭–૧૧–૧૧ ની અરજી તેટલું જ જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૫ માં અરજદારે પૂરક વિગતના મુદ્દા નં.૬ માં પણ તે રજૂઆત કરેલ છે. જેમાં તા.૧–૪–૦૭પહેલા ફેરફાર અને જુના ટેનામેન્ટ નંબરો અને વસવાટકર્તાની માહિતી માંગેલ છે જેમાં જાહેર માહિતી અધિકારીએ એફડીટી૭૦ તા.૪–૧–૦૭ થી વોર્ડ નં.૧૨/૧૩૫૨ ના ટેના નં.૧૨એ–૧૫–૯૩૧–૦–૦૧૧ ,૦૧૪,૦૨૦,૦૨૨ જણાવેલ છે જે સરદારખા કાસમખા , ઝીણી મંગુ , બાબુભાઈ હુસેનભાઈ, પ્રસાદ ગુપ્તા હતા જે ખાલી કરી જતાં સદર ભાગોનો કબ્જો માલિકના ટેના નં. ૧૨એ–૧૫–૯૩૧–૦–૦૦૧ ૫૨ તા.૧–૧૨–૦૬ થી દાખલ કરવામાં આવેલ છે. આથી તા.૧–૪–૦૭ પહેલાની માહિતી આપવામાં આવેલ છે.અપીલના મુદ્દા નં.૬ અરજદારે અપીલના મુદ્દા નં.૫ માં આપેલ જવાબ ખોટો છે તેવી રજૂઆત કરેલ છે. અને તેઓ ૧૯૮૮–૮૯ માં દાખલ છે તેવું જણાવેલ છે. જે જાહેર માહિતી અધિકારીએ સદર ઈસમની મુદ્દા નં.૫ માં જવાબ આપેલ છે તેમાં ૧૯૮૮–૮૯ ની કટબુક જોતાં હુરયુઝીખાન હકીમ આગા ૧૨/૧૩૫૨ ના ટેના નં.૧૨એ–૧૫–૯૩૧–૦–૦૧૬ ૫૨ ભાડુત તરીકે દાખલ હતાં તેમજ ૨૦૦૯–૧૦ માં પણ એસેસમેન્ટમાં નામ દાખલ છે જેની કટબુક એસેસમેન્ટની નકલો અરજદારને આપવામાં આવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ વિગતોની નકલસહ માહિતી આપ્યાનું જણાય છે. સદરહુ સરખી વિગત બાબતે અરજદારે અત્રે રજૂ કરેલ બાબતે અપીલ ન.૮૩/૧૧–૧૨ , અપીલ નં.૨૫૮/૧૧–૧૨, અપીલ નં.૪૦૪/૧૧–૧૨ અને અપીલ નં.૪૪૫/૧૧–૧૨ રજૂ કરેલ છે. જેના દરેક હુકમમાં અરજદારને સબંધિત આકારણી દફતરની તપાસણી અરજદારને પૂરી પાડવાના હુકમો કરવામાં આવેલ છે. વધુમાં દરેક અપીલ તબકકે અરજદારને દફતરી ઈન્સ્પેકશન બાબતે પૂરક વિગતોમાં ઈન્સ્પેકશન કરેલ છે કે કેમ? તે બાબતે અરજદાર તરફથી કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી.જાહેર માહિતી અધિકારી તરફથી પણ અપીલ તબકકે કોઈ પૂરક વિગતો આપવામાં આવેલ નથી.

અરજદારને અગાઉ પણ અપીલ નં. ૮૩/૧૧–૧૨, ૨૫૪ અને ૨૫૮/૧૧–૧૨, ૪૦૪/૧૧–૧૨ તથા અપીલ નં. ૪૪૫/૧૧–૧૨ થી ઈન્સ્પેકશન કરવાના હુકમો કરવામાં આવેલ છે. વધુમાં અપીલ નં.૪૪૫ માં જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન કરવાનો પ્રસ્તાવ પણ કરવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદારને માહિતી વિલંબથી પૂરી પાડેલ હોઈ અરજદાર જાહેર માહિતી અધિકારીનો ઓફિસ કામકાજના સમય દરમ્યાન આગોતરો સમય દિન–૭ માં મેળવી ઈન્સ્પેકશન કરી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતીની તપાસણી કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી રજૂઆત થયેથી દિન–૭ માં આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે ઈન્સ્પેકશન પુરું પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી કે.એ.ઘીવાલા,